દોરી વાગવી, પડવા વાગવા, અકસ્માત, વીજ કરંટના ૪,૦૦૦થી બનાવો સાથે

ઉત્તરાયણ-વાસીઉત્તરાયણ જીવલેણ

જંબુસર, આણંદ, વડોદરા, બાયડ, અમદાવાદ, રાજકોટ, જૂનાગઢ, સુરત સહિત અનેક શહેરોમાં ગળામાં પતંગની દોરી વાગવાના સંખ્યાબંધ બનાવો

ઉતરાયણ અને વાસી ઉત્તરાયણમાં 108 ઈમરજન્સી સર્વિસને ૪,૦૦૦ થી વધુ કોલ્સ મળ્યા હતા

108 ઈમરજન્સી સર્વિસના સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાજ્યભરમાં ઉતરાયણ પર્વના બે દિવસમાં ૪,૦૦૦ થી વધુ ઈમરજન્સી કોલ 108 સર્વિસને મળ્યા હતા. સામાન્ય દિવસોની સરખામણીમાં ઘણા વધારે છે. ઉતરાયણના દિવસ દરમિયાન 108 સર્વિસને કુલ ૫,૮૯૭ ઇમર્જન્સી કોલ મળ્યા હતા. જે સામાન્ય દિવસોની સરખામણીમાં 33 ટકાનો વધારો દર્શાવે છે. તેવી જ રીતે શારીરિક હુમલાના બનાવવામાં પણ 284.10 ટકાનો વધારો જોવા મળ્યો હતો. ધાબા પરથી પડવા વાગવાના બનાવવામાં 92.33 ટકાનો વધારો જોવા મળ્યો હતો.

અમદાવાદઃ અમદાવાદ સહિત રાજ્યભરમાં ઉતરાયણ અને વાસીઉતરાયણના પર્વની ઉજવણી કેટલાક પરિવારો માટે ગોઝારી સાબિત થઈ હતી.

અમદાવાદ શહેરમાં જુહાપુરા, શાહીબાગ, સીટીએમ અને વટવા વિસ્તારમાં યુવાનોના ગળામાં દોરી આવી જતા ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ ઉપરાંત ધાબા પરથી પડવા વાગવા, સહિતના સંખ્યાબંધ બનાવો નોંધાવવા પામ્યા હતા. અમદાવાદના બાવળા બગોદરા ધોરીમાર્ગ ઉપર રામનગરના પાટિયા પાસે થી એક યુવક બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો, ત્યારે તેના ગળામાં પતંગની દોરી આવી જતા યુવાનને ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ ઉપરાંત આણંદના બદલપુર રોડ ઉપર ઇન્દિરા કોલોની પાસે એક ધવલ નામના યુવકના ગળામાં દોરી આવી જતા તેનું ગળું કપાઈ જતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ ઉપરાંત આણંદના અશોકભાઈના ગળામાં દોરી આવી જતા ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. તેવી જ રીતે જંબુસરમાં ગળામાં દોરી આવી જવાની જુદી જુદી ઘટનાઓ ઘટનામાં ત્રણ યુવકનું મૃત્યુ થયું હોવાના અહેવાલો મળી રહ્યા છે. જંબુસરના પીલુદરા ગામે રહેતા રાહુલ પરમાર ખેતરેથી બાઈક લઈ ઘરે પરત જઈ રહ્યો હતો, ત્યારે ગળામાં દોરી આવી જતા ઘટના સ્થળે જ તેનું મૃત્યુ નીપજ્યું હતું. તેમજ ઉત્તર ગુજરાતના અરવલ્લીના બાયડ ખાતે પણ એક યુવકના ગળામાં દોરી આવી જતા તેનું મૃત્યુ હતુ.

ઉત્તરાયણે રાજ્યમાં ઠંડી વધી, પારો સરેરાશ 3 ડિગ્રી નીચે ઊતરી ગયો

અમરેલીમાં સૌથી ઓછું 6 ડિગ્રી, નલિયામાં 10 ડિગ્રી તાપમાન નોંધાયું

ગાંધીનગરઃ રાજ્યમાં ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ પર્વ દરમ્યાન રાજ્યમાં કાતિલ ઠંડી અનુભવાઈ છે. આજે વાસી ઉત્તરાયણે ફરીથી ઠંડીનો પારો અચાનક નીચે ગગડી જવા સાથે સૌરાષ્ટ્રમાં અમરેલી ઠંડુગાર થઈ ગયું હતું. ઉત્તરાયણની રાત્રે અમરેલીમાં રાજ્યની સૌથી વધુ 6 ડિગ્રી નોંધાવવા પામી હતી. જ્યારે કચ્છના નલિયામાં 10 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી હતી.

હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, રાજ્યમાં આગામી 48 કલાક દરમિયાન ઠંડીનો ચમકારો જોવા મળશે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ, હવે આગામી 48 કલાક સુધી રાજ્યમાં કાતિલ ઠંડી અનુભવાશે. હવામાન વિભાગના સુત્રોએ કહ્યું હતું કે, રાજ્યમાં આજે અન્ય શહેરો પૈકી ભૂજમાં 12 ડિ.સે.,નલિયામાં 10 ડિ.સે., કંડલા પોર્ટ પર 11 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 8 ડિ.સે., અમરેલીમાં 6 ડિ.સે., ભાવનગરમાં 11 ડિ.સે.,રાજકોટમાં 8 ડિ.સે.,સુરેન્દ્રનગરમાં 11 ડિ.સે.,મહુવામાં 9 ડિ.સે., કેશોદમાં 7 ડિ.સે., અમદાવાદમાં 11 ડિ.સે.,ડીસામાં 9 ડિ.સે., ગાંધીનગરમાં 11 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 13 ડિ.સે.,વડોદરામાં 10 ડિ.સે.,અને સુરતમાં 13 ડિ.સે. અને દમણમાં 13 ડિ.સે., લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

૧૬ ફૂટ ઊંચું અને ૬૦૦ કિલો વજન ધરાવતું

અખંડ શક્તિ ત્રિશૂલ અંબાજીના ત્રિશૂલિયા ઘાટ પર સ્થાપિત કરાશે

૧૭ જાન્યુઆરીએ અખંડ શક્તિ ત્રિશૂલને અમદાવાદ ખાતે દર્શન માટે ખુલ્લું મૂકશે

ગાંધીનગરઃ ઉત્તરકાશી સ્થિત આશરે ૧૫૦૦ વર્ષ જૂના અખંડ શક્તિ ત્રિશૂલની દિવ્ય પ્રેરણાથી અંબાજીના પ્રખ્યાત ત્રિશૂલિયા ઘાટ ખાતે ૧૬ ફૂટ ઊંચું અને આશરે ૬૦૦ કિલો વજન ધરાવતું દિવ્ય "અખંડ શક્તિ ત્રિશૂલ"સ્થાપિત કરવામાં આવશે. આ સ્થાપના શક્તિ પરંપરાના પુનર્જાગરણનું પ્રતીક બનશે. સ્થાપિત થનાર આ ત્રિશૂલ ઉત્તરકાશીના વિશ્વનાથ મંદિર નજીક ભાગીરથી નદીના કિનારે સ્થિત માતા આદ્યશક્તિના પવિત્ર અખંડ શક્તિ ત્રિશૂલની પ્રતિકૃતિ રૂપે તૈયાર કરવામાં આવ્યું છે. આ ત્રિશૂલ માત્ર એક શિલ્પ નથી, પરંતુ શક્તિ, આસ્થા અને આધ્યાત્મિક ચેતનાનું પ્રતીક છે. દેવી મહાત્મ્ય મુજબ, જ્યારે અસુરોના અત્યાચારથી ત્રિલોક વ્યાકુળ બન્યો ત્યારે બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવના તેજના સંયોજનથી અઢાર ભુજાવાળી આદ્યશક્તિ માતા જગદંબાનું પ્રાગટ્ય થયું હતું. ભગવાન શિવ દ્વારા અર્પિત દિવ્ય ત્રિશૂલથી માતાએ મહિષાસુરનો સંહાર કરી ધર્મ અને સત્યની સ્થાપના કરી હતી.

આ જ દિવ્ય ભાવના અને શક્તિના સંદેશને આધારે અંબાજીમાં આ ત્રિશૂલની સ્થાપના કરવામાં આવી રહી છે. અંબાજીનું ત્રિશૂલિયા ઘાટ ધાર્મિક અને આધ્યાત્મિક દ્રષ્ટિએ વિશેષ મહત્વ ધરાવે છે. આ ઘાટ માતા અંબાજીના દર્શન માટે જતા યાત્રાળુઓના માર્ગ પર આવેલો છે અને અહીં પહોંચવાનો માર્ગ થોડી ચઢાણવાળો તથા પડકારજનક છે. માન્યતા છે કે આ સ્થળ પર માતાની વિશેષ કૃપા અને રક્ષણ શક્તિ વ્યાપેલી છે. ત્રિશૂલિયા ઘાટ પર દિવ્ય ત્રિશૂલની સ્થાપનાથી યાત્રાળુઓમાં આત્મવિશ્વાસ, નિર્ભયતા અને આધ્યાત્મિક શક્તિની ભાવના વિકસે તેવો હેતુ રાખવામાં આવ્યો છે. આથી અંબાજીનો પવિત્ર યાત્રામાર્ગ વધુ આશીર્વાદમય અને સુરક્ષિત બની રહેશે. બનાસકાંઠા જિલ્લા કલેકટર અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન મિહિર પટેલના હસ્તે આગામી ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ અખંડ શક્તિ ત્રિશૂલને દર્શન માટે ખુલ્લું મુકશે. ભક્તજનો આ દિવ્ય ત્રિશૂલના દર્શન આગામી ૨૧ જાન્યુઆરી સુધી બપોરે ૦૩:૦૦ થી સાંજે ૦૮:૦૦ વાગ્યા સુધી દર્શન કરી શકશે.

ગાંધીનગરમાં રાજ્યની પ્રથમ BSL-4 લેબ સુરક્ષા કવચ બનશે

જીવાણુઓ ઉપર અદ્યતન સંશોધન, અસરકારક સારવારના વિકાસ, રોગચાળા સામે રાષ્ટ્રની બાયો સિક્યુરિટીને મજબૂત બનાવશે

ગાંધીનગરઃ છેલ્લા થોડા વર્ષોમાં આપણે અનેક પ્રકારના પશુથી સંક્રમિત રોગોનો સામનો કર્યો છે. કોવિડ 19 પેન્ડેમિકએ તેનું સૌથી મોટું ઉદાહરણ છે. કોરોના સમયે તમામ લોકોના સેમ્પલની તપાસ કરવા માટે આપણે ભારતની એકમાત્ર પૂણે સ્થિત બી.એસ. એલ.-4 લેબનો ઉપયોગ કર્યો હતો.

મિયન-કોન્ગો હેમરેજિક ફીવર (CCHF),લમ્પી, ચાંદીપુરા અને નિપાહ જેવા વાયરસના ખતરાને જોતા, અત્યંત જોખમી વાયરસ પર સંશોધન કરવા માટે દેશમાં અદ્યતન લેબોરેટરીની વિશેષ જરૂરિયાત ઊભી થઈ છે. આ દિશામાં ગુજરાતે દેશમાં અગ્રેસર થઈ રાષ્ટ્રની દ્વિતીય અને ગુજરાતની પ્રથમ બી.એસ.એલ.-4 ફેસીલીટીના નિર્માણની દિશામાં વેગ પકડયો છે. ગુજરાતમાં આગામી સમયમાં પ્રથમ અદ્યતન બાયો કન્ટેનમેન્ટ ફેસીલીટી અંતર્ગત એનિમલ બાયોસેફ્ટી લેવલ ફેસીલીટી (ABSL)તેમજ બાયોસેફ્ટી લેવલ-4(BSL-4) લેબનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

બાયોસેફ્ટી લેવલ-4 (BSL-4) એ જૈવિક સુરક્ષાનું સર્વોચ્ચ સ્તર છે. આ લેબમાં અત્યંત ચેપી અને જીવલેણ, હવા દ્વારા સરળતાથી ફેલાઈ શકે તેવા વાયરસ અથવા બેક્ટેરિયા પર કામ કરવામાં આવે છે, જેની કોઈ રસી કે ચોક્કસ સારવાર ઉપલબ્ધ ન હોય. ગુજરાતમાં સરકાર હસ્તકના ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર (GBRC) દ્વારા ગાંધીનગર ખાતે સેક્ટર -28 માં સ્થિત એનિમલ વેક્સિન ઇન્સ્ટિટ્યૂટની બાજુમાં 14.21 એકર જમીનમાં આ અત્યાધુનિક લેબ વિકસાવવામાં આવી રહી છે.

આ ફેસિલિટીમાં 271.90 ચો.મીમાં BSL-4 અને ABSL-4 પ્રયોગશાળા, 304.63 ચો.મીમાં BSL-3 અને BSL-3 ISO7 પ્રયોગશાળા તથા 407.91 ચો.મીમાં ABSL-3 તથા 898.19 ચો.મીમાં BSL-2 અને BSL-2 ISO7 પ્રયોગશાળા તથા ઇફ્લુએન્ટ ડી કન્ટમીનેશન અને અન્ય સપોર્ટ ફેસીલીટીસનુ નિર્માણ કરવામાં આવશે.

પહેલા ઢીલ આપી, બાદમાં ખેંચીને CMએ પતંગ કાપ્યો

મુખ્યમંત્રીએ વાડીગામના રહીશો સાથે પતંગ ચગાવીને ઉત્તરાયણ પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી કરી

અમદાવાદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી

અમદાવાદ_ અમદાવાદ સહિત રાજ્યભરમાં 14 મી જાન્યુઆરીએ ભારે હરસોલાસભેર ઉતરાયણનો પર્વ મનાવવામાં આવ્યો હતો. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહએ પણ દર વર્ષની જેમ આ વખતે અમદાવાદમાં ઉતરાયણ પર્વની ઉજવણી કરી હતી. ઉતરાયણના દિવસે વહેલી સવારે અમિત શાહએ પરિવાર સાથે ભગવાન જગન્નાથના દર્શન કરી, પૂજા અર્ચના કરી હતી, ત્યારબાદ અમિત શાહે કાર્યકર્તાઓ સાથે પતંગ ચગાવી ઉતરાયણ પર્વની મોજ માણી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પોતાના નારણપુરા વિસ્તારમાં જુદી જુદી ત્રણ જગ્યાએ ઉતરાયણની ઉજવણી કરી હતી. તેમણે નારણપુરાના અર્જુન ગ્રીસ, આસ્થા એપલ સોસાયટી, અને અભિષેક એપાર્ટમેન્ટના ધાબા ઉપર કાર્યકર્તાઓ સાથે ઉતરાયણની ઉજવણી કરી પતંગના પેચ લડાવ્યા હતા. આ પ્રસંગે સ્થાનિકોએ અમિત શાહનુ ઢોલ નગારા સાથે સ્વાગત કરી તેમને વધાવ્યા હતા પ્રસંગે અમિત શાહ ખૂબ હળવા મૂડમાં જણાતા હતા અને બોર ખાવાની મજા પણ તેમણે માણી હતી.

ગાંધીનગરઃ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું મૃદુ અને મક્કમ છે. તેમની આ છાપ ઉતરાયણ પર્વના દિવસે પણ તેમનામાં જોવા મળી હતી. અમદાવાદના દરિયાપુર વિસ્તારના વાડીગામમાં સ્થાનિક રહીશો સાથે પતંગ ચગાવી હતી, ત્યારે દાદાએ પહેલા પંતગને ઢીલ આપી પછી ખેંચીને કાપ્યો હતો.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં આવેલા વાડીગામ ખાતે ઉતરાયણના દિવસે સ્થાનિક રહીશો સાથે પતંગ ચગાવી પેચ લડાવીને પેચ કાપ્યો હતો.

જેમ પતંગ આકાશની ઊંચાઈઓને આંબે છે, તેમ ગુજરાત વિકાસની નવી ઊંચાઈઓ સર કરે તેવી ભાવના સાથે ભૂપેન્દ્ર પટેલએ વાડીગામની મૂળજી પારેખની પોળમાં પતંગ ચગાવીને પર્વનો આનંદ માણ્યો હતો. મુખ્યમંત્રીશ્રીને પોતાની વચ્ચે જોઈ સ્થાનિકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. પોળના રહીશોએ પોતપોતાના ધાબા પરથી હર્ષનાદ અને અભિવાદન સાથે મુખ્યમંત્રીનું સ્વાગત કર્યું હતું.

સ્પીપા દ્વારા UPSCની સાપ્તાહિક મોક ટેસ્ટનું આયોજન

આજથી ઉમેદવારો ઓનલાઇન રજિસ્ટ્રેશન કરી શકશે

સુરતઃ સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (SPIPA) દ્વારા UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષા-૨૦૨૬ના તાલીમ કાર્યક્રમ (બેચ ૨૦૨૫-૨૬) અંતર્ગત પ્રિલિમિનરી પરીક્ષા માટે સાપ્તાહિક મોક ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ મોક ટેસ્ટમાં ભાગ લેવા માટે SPIPA - અમદાવાદ અને ગાંધીનગર ઉપરાંત વડોદરા, સુરત, રાજકોટ, અમદાવાદ અને મહેસાણા પ્રાદેશિક તાલીમ કેન્દ્રોમાં અગાઉ પ્રવેશ મેળવેલો હોય અને જેમણે પોતાની ડિપોઝિટ પરત મેળવેલી નથી, તેવા ઉમેદવારોએ આવતીકાલ તા. ૧૬/૦૧/૨૦૨૬થી કચેરી સમય દરમિયાન અસલ ડિપોઝિટ પહોંચ રજૂ કરીને સંબંધિત કેન્દ્ર પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

જે ઉમેદવારોએ અગાઉ ડિપોઝિટ પરત મેળવી લીધી છે અથવા જેઓ SPIPAના વર્તમાન તાલીમ કાર્યક્રમમાં જોડાયેલા નથી, તેવા બાહ્ય ઉમેદવારો પણ રૂ. ૧,૦૦૦ રજીસ્ટ્રેશન ફી ભરીને આ મોક ટેસ્ટમાં ભાગ લઈ શકશે. નોંધણી શરૂ થવાની તારીખઃ ૧૬/૦૧/૨૦૨૬, SPIPAની વેબસાઈટ પર ઉપલબ્ધ QR કોડ સ્કેન કરીને UPI દ્વારા ફી ચૂકવવાની રહેશે. ફોર્મઃ ફી ભર્યા બાદ વેબસાઈટ પર આપેલી ગૂગલ ફોર્મ ભરવું ફરજિયાત છે. ઉમેદવારો ઉપર જણાવેલા કોઈપણ તાલીમ કેન્દ્ર પર મોક ટેસ્ટ આપી શકશે. મોક ટેસ્ટ માટે ભરેલી ફી કોઈપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી. પરીક્ષા સમયે ઉમેદવારે ફી ભર્યાની અસલ પહોંચ સાથે રાખવી અનિવાર્ય છે. આ નોંધણી ફક્ત UPSC સિવિલ સર્વિસીસ પ્રિલિમિનરી પરીક્ષા-૨૦૨૬ની મોક ટેસ્ટ માટે જ માન્ય રહેશે. સમગ્ર નોંધણી પ્રક્રિયા માત્ર ઓનલાઈન માધ્યમથી જ થશે.

કચ્છ દરિયાકાંઠેથી નવ પાકિસ્તાનીઓ સાથે એક પાક. બોટ ઝડપાઈ

પાકિસ્તાનીઓ કયા ઈરાદે ભારતીય જળ સીમામાં ઘૂસ્યા? તેની તપાસ શરૂ

ગાંધીનગરઃ કચ્છના દરિયાકાંઠે આંતરરાષ્ટ્રીય જળ સીમામાં ભારતીય કોસ્ટ ગાર્ડની ટીમ પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન એક શંકાસ્પદ પાકિસ્તાનની બોટ જણાય આવી હતી. આ બોટને કોસ્ટગાર્ડની ટીમ આંતરીને તપાસ કરતા તેમાંથી નવ પાકિસ્તાની નાગરિકોને પકડી તેમની પુછપરછ શરૂ કરી હતી. જેમાં પ્રાથમિક પૂછપરછમાં આ પાકિસ્તાની નાગરિકો માછીમાર હોવાનું બહાર આવ્યું છે, પરંતુ કયા ઈરાદે તેઓ ભારતીય જળ સીમા તરફ ઘૂસ્યા અને ભારતીય જળસીમામાં આવી પહોંચ્યા તેમનો કોઈ નાપાક ઈરાદો હતો કે કેમ ? તે દિશામાં સુરક્ષા એજન્સીઓએ તપાસ શરૂ કરી છે.

સુડોકુ - 'શ્રુતિ'

	૭	૩			૪			૨
	૯	૬		૨	૫		૩	
૫	૪	૨				૯		૮
	૫	૭	૧	૪	૩	૨		૬
	૬			૯	૨			
					૬			
		૪	૩	૭				૧
૬	૩		૨	૫	૧	૮	૪	૭
૭		૫		૬	૮		૨	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૩	૨	૬	૭	૬	૨	૫	૬	૭
૭	૨	૭	૬	૫	૬	૨	૩	૬
૬	૫	૬	૩	૭	૬	૩	૨	૨
૫	૬	૨	૬	૭	૩	૬	૨	૬
૬	૭	૬	૨	૩	૫	૭	૬	૨
૬	૭	૨	૬	૨	૬	૭	૫	૬
૭	૬	૩	૭	૬	૨	૬	૫	૩
૨	૬	૫	૨	૬	૩	૬	૭	૭
૬	૩	૭	૬	૨	૭	૬	૩	૬

દરરોજ-ઇફ્રુ ક્રોસ્ફિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

ઉદર રોગ

સાહિત્યમાં કફોદર, પિત્તોદર, વાતોદર, પ્લિહોદર, યકૃત્દાલ્યુદર, જલોદર , બધ્ધગુદોદર અને પરિસ્રાવ્યુદર જેવા પ્રકારો બતાવ્યા છે. કહેવાય છે કે ઉદર રોગનુ સહજ ઔષધ ઊંટડીનુ દૂધ છે. બસો ગ્રામ દૂધ, દશ ગ્રામ કડુ ચૂર્ણ સાથે રોજ બે વાર પીવું.

શબ્દગુંફન - ૭૧૪૬

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. શિયાળુ પાક (૪)
૪. ખામી, ઘટ, ખોટ (૩)
૬. નાનો તંબુ (૩)
૮. એકી સાથે સો વાતો ઉપર ધ્યાન આપી શકનાર (૫)
૧૧. માંકડ (૪)
૧૩. ફૂલછોડ ઉછેરનાર (૨)
૧૪. કિનારો, કાંઠો (૨)
૧૬. સુશોભિત, શોભા (૪)
૧૯. હંમેશ, નિરંતર (૩)
૨૧. પાણીનો ઘાટ, જળાશય (૪)
૨૩. કજિયો, બુમરાણ (૪)
૨૪. ભલું, કલ્યાણ (૪)
૨૬. વારંવાર ફૂદવું તે (૪)
૨૭. સુગંધ વગરનું સોહામણું ફૂલ (૩)
૨૮. બદલો, વટાવ (૪)
૨૯. પૂજ્ય, મુરબ્બી (૩)

ઊભી ચાવી

૧. ઝરૂખો (૩)
૨. સાડીનો લટકતો છેડો (૩)
૩. પ્રાણ, જાન (૨)
૫. સુરક્ષિત (૪)
૬. જંગલી (૨)
૭. મજાકખોર (૩)
૯. ટોણો, મહેણું (૨)
૧૦. દિલાસો, ધીરજ (૩)
૧૨. લાગણીનો દેખાડો (૪)
૧૩. માણવું તે (૨)
૧૫. રક્તવાહિની (૨)
૧૬. સો (૨)
૧૭. ગાનારો, ગવૈયો (૩)
૧૮. ગરીબ (૨)
૨૦. ઝટ, એકદમ (૩)
૨૧. ઊંચી જાતનું કે રેશમી વસ્ત્ર (૪)
૨૨. ઘરમાં ને ઘરમાં ભરાઇ રહેનારું (૫)
૨૩. વેરો (૨)
૨૪. મેંદી (૨)
૨૫. આંખમાં આંજવાની મેશ (૩)
૨૭. હાથ (૨)



કેપ્રઇ૮ - ૨૬૬૧ ૮ફ્રીંઇઝાઇ

હોટલની રૂમમાં આગથી યુવાન ભડથું

ચાર મિત્ર મકરસંક્રાંતિ ઉજવવા, ફરવા દમણ આવ્યા હતા, ત્રણ મિત્ર નીચે જમવા ગયા ને એક આગને હવાલે થઈ ગયો

લોકો બચાવવા દોડ્યા ત્યારે યુવક બાથરૂમમાં દાઝેલી હાલતમાં શાવર નીચે તરફડતો હતો, સારવાર પહેલાં જ મોત

પ્રિન્સ ગાર્ડન હોટલના રૂમમાં આગથી બચવા સીલિંગના શાવર હતા કે નહીં?

હોટલોમાં મહેમાનોના રૂમમાં આગ જેવી ઘટના સર્જાય ત્યારે સિલીંગ તરફથી પાણીના શાવરવાળા સેન્સર લગાવામાં આવેલા હોય છે. આગ જેવી કોઈ ઘટના સર્જાય ત્યારે તે એક્ટિવ થઈ પાણીનો શાવર શરૂ થઈ જતો હોય છે, જેના કારણે મોટી દુર્ઘટનાથી બચી શકાતું હોય છે. ત્યારે આવી કોઈ વ્યવસ્થા ડાભેલની પ્રિન્સ ગાર્ડનના રૂમમાં હતી કે નહીં તેવો ગણગણાટ આ વિસ્તારમાં રહેતા પ્રબુદ્ધ લોકોમાં ઉઠ્યો હતો. સાથે સંબંધિત વિભાગ દ્વારા આ મામલે નિષ્પક્ષ રીતે તપાસ થવી જોઈએ અને તપાસ કાર્યમાં કોઈ પણ પ્રકારની ત્રુટી હોટલ સંચાલકો તરફથી જોવા મળે તો તેમની સામે કાયદાકીય પગલા ભરવાની તૈયારી પણ વિભાગે દાખવવી જોઈએ તેવું ચર્ચાય રહ્યું છે.

દમણઃ સંઘપ્રદેશ દમણના ડાભેલ સ્થિત હોટલ પ્રિન્સ ગાર્ડનમાં બીજા માળે એક રૂમમાં આગ લાગતા રાજકોટના એક યુવાનનું દાઝીને બાથરૂમમાં ગૂંગળાઈ જવાથી મોત નીપજ્યું હતું.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, ગુજરાતના રાજકોટ શહેરમાં રહેતા 37 વર્ષીય વિનય વિરમગામા, 29 વર્ષીય ક્ષિતિજ પંડ્યા, 32 વર્ષીય સતીષ વિનોદભાઈ ભૂત અને 31 વર્ષીય પાર્થ ધીરુભાઈ પગધર મકરસંક્રાંતિના દિવસે દમણ ફરવા માટે આવ્યા હતાં. આ મિત્રો ડાભેલમાં હોટલ પ્રિન્સ ગાર્ડનના બીજા માળે રૂમ લઈ ખાણીપીણી કરી રહ્યા હતા. બપોરે વિનય વિરમગામા બેડરૂમમાં સૂતેલો હતો. જ્યારે અન્ય 3 મિત્ર હોટલના નીચેના ભાગે રેસ્ટોરન્ટમાં જમવા ગયા હતાં. આ દરમ્યાન રૂમમાં આગ લાગી હતી. હોટલના બીજા માળે આગ લાગવાની જાણ હોટલ સંચાલકો અને વિનયના મિત્રોને થતાં તેઓ તુરંત ઉપર દોડી વિનયને બચાવવાનો પ્રયત્ન કર્યો હતો. વિનય રૂમના બાથરૂમમાં પાણીનો શાવર ચાલુ હોય અને તેની નીચે દાઝેલી અવસ્થામાં ગુંગળાઈને બેભાન જેવી સ્થિતિમાં પડેલો જોવા મળ્યો હતો. તેને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના ડોક્ટરોએ વિનય વિરમગામા (ઉં.37, રહે. આકાશવાણી ક્વોર્ટર્સની પાછળ, યુનિવર્સિટી રોડ, રાજકોટ, ગુજરાત)ને મૃત જાહેર કર્યો હતો. હોટલના રૂમમાં આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હતી કે પછી રૂમમાં સિગારેટ ફૂંકવાના કારણે લાગી હતી એનું ચોક્કસ કારણ એફ.એસ.એલ.ના રિપોર્ટ બાદ જ જાણવા મળશે. આ મામલે પોલીસે કચીગામ પોલીસ મથકે આકસ્મિક મોતનો ગુનો દાખલ કરી મૃતક યુવાનના પોસ્ટમાર્ટમની પ્રક્રિયા પૂર્ણ કરી તેના દેહને તેના પરિવારને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણમાં 3500થી વધુ પક્ષીને ઈજા થયાના કોલ મળ્યા

અમદાવાદઃ ઉતરાયણ અને વાસી ઉતરાયણના દિવસે આકાશમાં પતંગ દોરીનું સામ્રાજ્ય જોવા મળતું હોય છે. તેવામાં શહેરીજનોનો પતંગ અને દોરીનો ઉત્સાહ પશુ-પક્ષીઓ માટે જીવલેણ પણ સાબિત થતો હોય છે, તેવામાં પશુ-પક્ષીઓને દોરીથી ઘાયલ થતા બચાવવા તેમજ ઘાયલ થયા બાદ તાત્કાલિક સારવાર મળે તે માટે પ્રયાસો હાથ ધરાયા હતા. જેમાં આ વખતે બે દિવસ દરમિયાનમાં 3500 જેટલા કોલ એનિમલ ઈમરજન્સી સર્વિસને મળ્યા હતા.

આ અંગે મળતી માહિતી મુજબ ઉતરાયણ અને વાસી ઉતરાયણ એમ બે દિવસ દરમિયાન 3,500 જેટલા પશુ-પક્ષીઓના ઘાયલ થવાના ઇમર્જન્સી કોલ મળ્યા હતા. તાત્કાલિક આ ઘાયલ પશુ-પક્ષીઓને સુરક્ષિત સ્થળે લઈ જઈ તેમને સારવાર આપવામાં આવી હતી. ઉતરાયણ અને વાસી ઉતરાયણ દરમિયાન કરુણા એનિમલ એમ્બ્યુલન્સ સર્વિસ સેવાને થયેલા કોલ સામાન્ય દિવસોની સરખામણીમાં 16.36%નો વધારો જોવા મળ્યો હતો. આ બંને દિવસો દરમિયાન પક્ષીઓને દોરીથી ઈજા થવાની ઘટનાઓમાં ખૂબ મોટો વધારો જોવા મળ્યો હતો. જેમાં અમદાવાદમાં 84.69 ટકા, અરવલ્લીમાં 103.10 ટકા, સુરતમાં 74.99 ટકા, જામનગરમાં 54.71 ટકા, રાજકોટમાં 37.83 ટકા, અને કચ્છમાં 40.94 ટકાનો વધારો જોવા મળ્યો હતો.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં યુવાનોને કોંગ્રેસ મેદાનમાં ઉતારશે

અમદાવાદઃ ગુજરાતમાં અનેક લોકો સમસ્યામાં છે અને ખાસ કરીને યુવાનો પાસે નોકરી નથી, તો આવનાર સમયમાં પ્રદેશ યુવા કોંગ્રેસ બેરોજગારી જેવી યુવાનોની સમસ્યાને લઈને લડત લડશે. ગુજરાત યુવા કોંગ્રેસ પોતાનો ત્રણ મહિનાનો રોડ મેપ પણ તૈયાર કર્યો છે. સમગ્ર ગુજરાતની અંદર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આવી રહી છે તો યુવા કોંગ્રેસમાંથી જે હોદેદારો લડવા માંગે છે, તેના નામ મંગાવીને સ્પેશિયલ ટ્રેનિંગ પણ આપવામાં આવશે. 20 ટકા યુવાનોને સ્થાનિક સ્વરાજ્ય ચુંટણીમાં ટિકિટ મળે તે માટે નક્કી કરવામાં આવ્યું છે તેને ડેટા પણ એકત્રિત કરવામાં આવશે ભારતીય યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય સચિવ અને ગુજરાત રાજ્યના પ્રભારી નિખિલ દ્વિવેદીએ કહ્યું હતું કે પ્રદેશ યુવા કોંગ્રેસની નવી કારોબારીની રચના થઈ ગઈ છે અને હવે જાન્યુઆરી-16 થઈ લઈને 3 ફેબ્રુઆરી સુધી તમામ જિલ્લાની કારોબારી બેઠકોનું યોજવામાં આવશે. પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ પ્રવિણસિંહ વણોલે જણાવ્યું હતું કે આગામી સમય સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓ આવે છે તમામ તૈયારી યૂથ કોંગ્રેસ કરી રહ્યું છે. સ્થાનિક સ્વરાજ્ય ચુંટણી લડવા માંગતા યુવાનોને ટ્રેનિંગ પણ આપવામાં આવેશ. યુવા કોંગ્રેસના ઝોન સ